અપીલ અરજી નં.૬૪૨ તા.૨૧–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા. ૧૮–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં આપશ્રીની કચેરીના કર્મચારી(અધિકારીએ) તા. ૧૩–૧૨–૧૧ના રોજ I/ ૨૬૯/૧૧થી FIR નોંધાવેલ જેમાં જણાવવામાં આવેલ કે મહિધરપુરા પીપળાશેરી ઘ.નં.૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭, ૨૧૭૮ વાળી મિલકતના તોહમતદારોએ (માલીકો) નિયમ વિરુદ્ધ બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય તેમજ બેફામપણે બેદરકારીપૂર્વક ભોયરાનું ખોદકામ કરી મહેરબાન સાહેબશ્રી મ્યુ.કમિશનરના હુકમનું ઉલ્લંઘન કરેલ છે એમ જણાવવામાં આવેલ છે તો આ ફરીયાદ સાચી છે એવું માની લઈએ તો તા. ૧૩–૧૨–૧૧ પહેલા મિલકતના માલીકોને ભોયરાનું ખોદકામ ન કરવા કરેલા હુકમની સહી સિક્કાવાળી નકલ ફાળવવી માહિતી આપો. વિ. મુદ્દા નં. (૧)થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૨ /૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ. પટેલની તા. ૧૮–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં આપશ્રીની કચેરીના કર્મચારી (અધિકારીએ) તા. ૧૩–૧૨–૧૧ના રોજ I/ ૨૬૯/૧૧થી FIR નોંધાવેલ જેમાં જણાવવામાં આવેલ કે મહિધરપુરા પીપળાશેરી ઘ.નં.૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭, ૨૧૭૮ વાળી મિલકતના તોહમતદારોએ (માલીકો) નિયમ વિરુદ્ધ બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય તેમજ બેફામપણે બેદરકારીપૂર્વક ભોયરાનું ખોદકામ કરી મહેરબાન સાહેબશ્રી મ્યુ. કમિશનરના હુકમનું ઉલ્લંઘન કરેલ છે એમ જણાવવામાં આવેલ છે તો આ ફરીયાદ સાચી છે એવું માની લઈએ તો તા. ૧૩–૧૨–૧૧ પહેલા મિલકતના માલીકોને ભોયરાનું ખોદકામ ન કરવા કરેલા હુકમની સહી સિક્કાવાળી નકલ ફાળવવી માહિતી આપો. વિ. મુદ્દા નં. (૧)થી (૧૧)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૦૯ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી તે પછી નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ/નં. ૨૬૪૯ તા. ૧૫–૩–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદની નકલ,સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આઉટ/નં. ૨૪૨૭ તા. ૨૧–૨–૧૨થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા. ૧૪–૩–૧૨ના પત્રની સાથે સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૪૨૭ તા. ૨૧–૨–૧૨ ની નકલ, સે.ઝોન/ એન્જી./ આઉટ/ ૩૧૨૪/૧ તા. ૧૩–૧૨–૧૧ના મનાઈ હુકમની નકલ, નોટીસ નં. સેન્ટ્રલઝોન/આઉટવર્ડ/ ૩૧૨૪/૪ તા. ૧૩–૧૨–૧૧ની નકલ, સેન્ટ્રલઝોનના પત્ર નં. સી.ઝેડ/એન્જી./આ.નં./ ૩૧૧૯ તથા પત્ર નં. ૩૧૧૮ તા. ૧૨–૧૨–૧૧ના પત્રની નકલ , સે.ઝોન/એન્જી./આઉટ/૩૧૨૪/૩ તા. ૧૩–૧૨–૧૧ના મનાઈ હુકમની નકલ, નોટીસ નં. સેન્ટ્રલઝોન/આઉટવર્ડ/૩૧૨૪/૬ તા. ૧૩–૧૨–૧૧ની નકલ, સે.ઝોન/એન્જી./આઉટ/૩૧૨૪/૨ તા. ૧૩–૧૨–૧૧ના મનાઈ હુકમની નકલ, નોટીસ નં. સેન્ટ્રલઝોન/આઉટવર્ડ/૩૧૨૪/૫ તા. ૧૩–૧૨–૧૧ની નકલ, તા. ૧૫–૧૨–૧૧થી કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાને કરેલ અરજીની નકલ, તા.૨૧–૧૨–૧૧થી મ્યુ.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાને કરેલ અરજીની નકલ, ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ દૈનિક પત્રની સમાચારની તા. ૧૪–૧૨–૧૧ની નકલ, તા. ૨૨–૧૨–૧૧થી ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીને કરેલ અરજીની નકલ, તા. ૧૩–૧૨–૧૧થી શ્રી એન.કે. પરમારે નોંધાવેલ FIR ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૮–૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૧–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં મુદ્દા નં. (૧) મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં આપશ્રીની કચેરીના કર્મચારી (અધિકારીએ) તા. ૧૩–૧૨–૧૧ના રોજ I/ ૨૬૯/૧૧થી FIR નોંધાવેલ જેમાં જણાવવામાં આવેલ કે મહિધરપુરા પીપળાશેરી ઘ.નં.૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭, ૨૧૭૮ વાળી મિલકતના તોહમતદારોએ (માલીકો) નિયમ વિરુદ્ધ બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય તેમજ બેફામપણે બેદરકારીપૂર્વક ભોયરાનું ખોદકામ કરી મહેરબાન સાહેબશ્રી મ્યુ. કમિશ્નરના હુકમનું ઉલ્લંઘન કરેલ છે એમ જણાવવામાં આવેલ છે તો આ ફરીયાદ સાચી છે એવું માની લઈએ તો તા. ૧૩–૧૨–૧૧ પહેલા મિલકતના માલીકોને ભોંયરાનું ખોદકામ ન કરવા કરેલા હુકમની સહી સિક્કાવાળી નકલ ફાળવવી માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટનં./૨૪૨૭ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " સદર મિલકતે ભોંયરાનું બાંધકામ કરતી વખતે તકેદારીના પગલા લેવા સેન્ટ્રલઝોન ખાતેથી નોટીસ આપવામાં આવેલ. જેની નકલ નંગ–૨ ના પ્રતિ નકલ રૂા. ૨/– લેખે કુલ રૂા.૪/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કર્યેથી મળી શકશે." તેવું જણાવેલ.

(૨) મિલકત નં. ૬/૨૧૭૬, અ,બ, ૨૧૭૭, ૨૧૭૮ વાળી મિલકતનું ભોંયરાનું ખોદકામ વધુ પડતું કરેલ હોય તેવું જણાવેલ છે તો આ ભોયરાનું ખોદકામ કેટલા ચોરસ ઘન ફુટ કરવામાં આવેલ તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોનમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા સદર મિલકતે ભોંયરાનું ખોદાણ કેટલા ઘન ફુટ કરવામાં આવ્યું તે અંગેની કોઈ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૩) મિલકત નં. ૬/૨૧૭૬, અ,બ, ૨૧૭૭, ૨૧૭૮ વાળી મિલકતનું ભોંયરાના ખોદકામના કારણે ઘ.નં.૬/૨૧૭૯, ૨૧ ૮૦ મિલકતોમાં લાખો રૂપિયાનું નુકશાન કરવામાં આવેલ હોય તેવું જણાવવામાં આવેલ તો કુલ્લે કેટલા રૂપિયાનું નુકશાન કરવામાં આવ્યું તે રકમની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોનમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા સેન્ટ્રલઝોન ખાતેથી નોંધાવેલ FIR માં મિલકત નં. ૬/૨૧૭૬, અ,બ, ૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતના ભોંયરાના ખોદકામના કારણે ઘ.નં. ૬/૨૧૭૯,૨૧૮૦ મિલકતોમાં લાખો રૂપિયાનું નુકશાન થયેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે પરંતુ સેન્ટ્રલઝોનના રેકર્ડ પર માંગ્યા મુજબ કુલ્લે કેટલા રૂપિયાનું નુકશાન થયું તે બાબતે કોઈ વિગતવાર માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી." તેવું જણાવેલ.

(૪) મિલકત નં. ૬/૨૧૭૬, અ,બ, ૨૧૭૭, ૨૧૭૮ વાળી મિલકતોના માલીકોએ વધુ પડતા ભોયરાના ખોદાણના કારણે ૬/૨૧૭૯, ૨૧૮૪ વાળી મિલકતોમાં ભોગવટો ધરાવતા ભારતના નાગરિકોને ઉપરોકત ગુનો થયા બાદ ભારતના બંધારણ મુજબ આપશ્રીની કચેરી તરફથી જે સુવિધા આપવામાં આવેલ હોય તેની સંપૂર્ણ માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૬/૨૧૭૯, ૨૧૮૪ વાળી મિલકતોમાં ભોગવટો ધરાવતા ભારતના નાગરિકોને સુરત મહાનગરપાલિકા તરફથી કોઈપણ સુવિધા આપવામાં આવેલ હોવાનું સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૫) FIR માં જણાવેલ છે કે મારી કચેરીના કર્મચારીએ ૬/૨૧૭૬, અ,બ, ૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતનું નિરીક્ષણ કરેલ છે તો આ દુર્ઘટના પહેલા કઈ કઈ તારીખે અને કયા કયા સમયે નિરીક્ષણ કર્યુ અને દુર્ઘટના પહેલા કયા પત્રોથી નોટીસ આપવામાં આવી તેની સહી સિક્કાવાળી નકલ ફાળવી માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "સદર મિલકતને સેન્ટ્રલઝોન ખાતેથી તા. ૧૨–૧૨–૧૧થી મિલકતનું નિરીક્ષણ કરવામાં આવેલ. જે અન્વયે ભોંયરાના બાંધકામ અંગે તકેદારીના પગલા લેવા નોટીસ આપવામાં આવેલ. જેની નકલ મુદ્દા નં. ૧ માં જણાવ્યા મુજબ મળી શકશે." તેવું જણાવેલ.

(૬)આપશ્રીના કચેરીના નારણભાઈ કાનજીભાઈ પરમાર FIR માં જણાવ્યા મુજબ એમની ફરજના ભાગરૂપે મિલકત નં. ૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭, ૨૧૭૮ નું નિરીક્ષણ કરેલ છે તો નારણભાઈએ આ દુર્ઘટના પહેલા સદર સ્થળ ઉપર જઈ કઈ કઈ તારીખે અને કયા સમયે નિરીક્ષણ કર્યુ તેની સહી સિક્કાવાળી નકલ ફાળવી માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "સદર મિલકતને સેન્ટ્રલઝોન ખાતેથી નારણભાઈ કાનજીભાઈ પરમાર દ્વારા ડે.ઈજનેર અને આસી. ટા.પ્લાનર સાથે સંયુકત તા. ૧૨–૧૨–૧૧થી મિલકતનું નિરીક્ષણ કરવામાં આવેલ અને તે અન્વયે તા. ૧૨–૧૨–૧૧થી સદર મિલકતે ભોંયરાના બાંધકામ અંગે તકેદારીના પગલા લેવા નોટીસ આપવામાં આવેલ જેની નકલ મુદ્દા નં. ૧ માં જણાવ્યા મુજબ મળી શકશે." તેવું જણાવેલ.

(૭) નારણભાઈ કે. પરમારે નોંધાવેલ FIR ની ફરીયાદ મુજબ આજુબાજુની મિલકતોને નુકશાન ન થાય તે માટે નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે રૂબરૂ જાણ અને સુચના આપવામાં આવેલ છે તો કઈ તારીખે મિલકતદારો ૧ થી ૯ ને રૂબરૂ મળી સુચના આપેલ તે સમય અને સ્થળની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી." તેવું જણાવેલ.

(૮) મિલકત નં. ૬/૨૧૭૬,અ,બ,૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતની જે FIR સાચી નોંધાવવામાં આવેલ છે કે ખોટી તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોન ખાતેથી ફકત રેકર્ડ આધારિત માહિતી આપવાની રહે છે કારણ કે અભિપ્રાય આપવાના હોતા નથી." તેવું જણાવેલ.

(૯) સુ.મ.ન.પા.ના કચેરીના સદર કર્મચારીએ નોંધાવેલ ફરીયાદ FIR ખોટી હોય તો બી.પી.એમ.સી.એકટની કઈ જોગવાઈ મુજબ આવા કર્મચારી ઉપર સજા થાય તે કલમની જાણકારી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સુ.મ.ન.પા.ના કચેરીના કર્મચારીએ નોંધાવેલ ફરીયાદ FIR ખોટી હોય તો બી.પી.એમ.સી.એકટ મુજબ કોઈ કાર્યવાહી કરવાની જોગવાઈ નથી. અન્ય બાબત અંગે મે.કમિશ્નરશ્રી બી.પી.એમ.સી.એકટની કલમ–૫૬(૨) મુજબ યોગ્ય જણાયે શિક્ષાત્મક કાર્યવાહી કરી શકે." તેવું જણાવેલ.

(૧૦) મિલકત નં. ૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતોના માલીકોએ મંજુર પ્લાન કરતા નિયમ વિરુદ્ધ ભોંયરાનું ખોદાણ કરતા ૬/૨૧૭૯ વાળી મિલકત ધરાસાય થયા બાદ ૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતનો મંજુર પ્લાન કઈ તારીખે રદ કરવામાં આવ્યો તેની તારીખ અને રદ કરવામાં આવેલ પ્લાનની જે જાણકારી મિલકતદારોને આપી તેની નકલ સહી સિક્કાવાળી ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૧૧) મિલકત નં. ૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતોના માલીકોએ મંજુર પ્લાન કરતા વધારાનું ભોંયરું ખોદવામાં આવ્યું. જેના કારણે ૬/૨૧૭૯ વાળી મિલકતને જોખમરૂપથી બચાવવા માટે મહાનગરપાલિકાના અધિકારીઓ જે માટી પુરાણ કરવામાં આવ્યું તે માટી સુ.મ.ન.પા.એ કોની પાસેથી ખરીદી કરી તેની સહી સિક્કાવાળી નકલ ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા સદર મિલકતે સુરત મહાનગરપાલિકા દ્વારા માટી ખરીદી કરેલ હોવાનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે અંગે નારાજગી જણાવવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે અપીલના આધાર તરીકે તા. ૧૪–૩–૧૨ના પત્રથી જણાવેલ કે મે જે માહિતી જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ મુદ્દા નં. ૧ થી જે માહિતી માંગવામાં આવેલ તેના અનુસંધાનમાં મે અગાઉ તા. ૧૬–૧૨–૧૧ના રોજ આઈડી નં. ૧૩૪૪ થી માંગેલ માહિતીના અનુસંધાનમાં જે નોટીસો આપવામાં આવેલ તે મને મોકલવામાં આવેલ તે જોતાં સુ.મ.ન.પા. તરફથી તા. ૧૩–૧૨–૧૧ પહેલા ભોંયરું ન ખોદવાની કરેલા હુકમની નકલ માંગેલ જે મને આપવામાં આવેલ નથી. જેની નોંધ લેવા વિનંતી માહિતી અધુરી છે તેવું જણાવેલ. મુદ્દા નં. ૨ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ નથી. સુ.મ.ન.પા. તરફથી પ્લાન મંજુર કરતી વખતે જે ભોંયરું ખોદવાની મંજુરી આપવામાં આવેલ તેના કરતાં માલીકોએ પ.પ૦ મીટર વધુ પડતું ભોંયરું ખોદવામાં આવેલ એટલ ે એન્જીનીયર જે સાઈડ ઉપર વીજીટ કરે છે તેનો ખ્યાલ હોય જ છે કે આટલા ચોરસ ઘનફુટનું ખોદાણ ભોયરાનું થયેલ છે તે ખબર હોવા છતાં માહિતી ખોટી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ. જેના અનુંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વધારાનું પ.પ૦ મીટર ભયોરાના ખોદકામ અંગે મનાઈ હુકમ અને નોટીસ મિલકતદારને આપેલ હોવાનું જણાય છે. મુદ્દા નં. ૩ થી માંગેલ માહિતી તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે કેમ કે ૬/૨૧૭૬, અ,બ, ૨૧૭૭, ૨૧૭૮વાળી મિલકતના માલીકને પ્લાન મંજુર કરતી વખતે જે ભોંયરાના ખોદાણની મંજુરી આવેલ જેના કરતાં માલીકોએ પ.પ૦ મીટર જેટલા વધારાના ભોંયરાના ખોદાણના કારણે ૬/૨૧૭૯ વાળી મિલકતના પાછળના ભાગે G + 4 માળ આર.સી.સી.નો જમીન દોસ્ત થઈ ગયો અને ૬/૨૧૮૦ વાળી ચાલીવાળી મિલકતને પણ નુકશાન થયું એટલે સ્થળ ઉપર તમામ અધિકારી હાજર હોય અને રીપોર્ટ પણ બનાવેલ હોય જેના પરથી નુકશાન કેટલા રૂપિયાનું થયું તે જાણી શકાય તેમ છતાં જાણકારી આપેલ નથી. તેવું જણાવેલ. મુદ્દા નં. ૪ થી માંગેલ માહિતી જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપેલ છે જે ખોટી છે કેમ કે ૬/૨૧૭૬, અ, બ, ૨૧૭૭,૨૧૭૮ વાળી મિલકતોના માલીકે મંજુર પ્લાન કરતા જે ભોયરાનું ખોદાણની મંજુરી આપેલ તેના કરતાં પ.પ૦ મીટર વધારે ભોંયરું ખોદાવામાં આવેલ જેના કારણે ૬/૨૧૮૦, ૭૯ વાળી મિલકતના નુકશાન થયેલ હોય જેને સગવડ આપવાના બદલે સુ.મ.ન.પા. તરફથી ૬/૨૧૭૯, ૮૦વાળી મિલકતોના માલીકને મકાન ખાલી કરવા નોટીસ આપવામાં આવેલ. પરંતુ સુ.મ.ન.પા.તરફથી કોઈ જ સગવડ કરી આપવામાં ન આવી ખરેખર સગવડ કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ની જ આવે તેમ છતાં રેકર્ડ નથી તેવું ખોટું જ જણાવે છે. તેવું જણાવેલ. મુદ્દા નં. પથી માંગેલ માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે મને જણાવામાં આવેલ કે મુદ્દા નં. ૧ માં જણાવ્યા મુજબની નોટીસ મળી શકે, પરંતુ સુ.મ.ન.પા.એ મિલકત પડવાના આગલા દિવસ ે નોટીસો આપવામાં આવેલ છે જયારે ૬/૨૧૭૬,અ,બ,૨૧૭૭,૭૮ વાળી મિલકતના માલીકોએ ૨૦ દિવસ અગાઉથી ભોંયરાના ખોદાણનું કામ ચાલતુ હતું તો પછી અધિકારીએ તા. ૧૨–૧૨–૧૧ના રોજ મિલકતનું નિરીક્ષણ કરેલ તેવું જણાવેલ જે ખોટું છે જયારે અધિકારીએ ફિલ્ડમાં રોજ સવારે વિઝીટ કરવાની હોય તો પછી ૨૦ દિવસથી ભોયરાનું ખોદાણ ચાલતુ હતું તો પછી શા માટે ૧૨–૧૨–૧૧ના રોજ નોટીસ આપી તે પહેલા કેમ નહિ તે ઘણું બધુ કરી જાય છે. તેવું જણાવેલ. મુદ્દા નં. ૬થી માંગેલ માહિતના અનુસંધાનમાં જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ જે ખોટી છે જયારે મિલકતના ભોંયરાના ખોદાણનું કામ ૨૦ દિવસ પહેલાથી ચાલતુ હોય એટલે જુની. ઈજનેર જે ફિલ્ડમાં રોજબરોજ વિઝીટ કરતા હોય તેમણે શા માટે ૧૨–૧૨–૧૧ પહેલા ઉપલા અધિકારીને જાણ ન કરી જે ઘણુ બધુ કહી જાય તેમ છે અને મિલકત નં. ૬/૨૧૭૯,૮૦ નમી ગઈ ત્યારે ફિલ્ડ એન્જી.એ ઉપલા અધિકારીને જાણકારી અને નોટીસ આપી પરંતુ જયારે ભોંયરાના વધારે ખોદાણની જાણ હોવા છતાં કાર્યવાહી ન કરી તેવું જણાવેલ. મુદ્દા નં. ૭થી માંગેલ માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ જે ખોટી છે કેમ કે ૬/૨૧૭૬,અ,બ, ૭૭,૭૮ વાળી મિલતકના માલીકોએ મંજુરી કરતા વધારાના ભોંયરાનું ખોદાણ જે પ.પ૦ મીટર કરેલ જેના કારણે ૬/૨૧૭૯ વાળી મિલકતને ભયંકર નુકશાન થઈ પડી ગયેલ પરંતુ સવાલ એ છે કે ભોંયરાનું ખોદાણ રાતોરાત થતું નથી જેને ખોદાણ માટે ૨૦ દિવસ થાય તો પછી શા માટે ૬/૨૧૭૯ વાળી મિલકત નમી ગઈ ત્યારે જ નોટીસ આપી, તે પહેલા કેમ નહિ જયારે જુ.ઈજનેરને રોજ પોતાને ફાળવેલ વિસ્તારમાં રોજ સવારે સ્થળ મુલાકાત કરવાની હોય છે અને રોજ એની ડાયરીમાં નોંધ કરી રેકર્ડ રાખવાનો હોય છે આ રેકર્ડની જાણકારી ઉપલા અધિકારીને રીપોર્ટ કરવાનો હોય છે પરંતુ એન. કે. પરમાર સાહેબે તા. ૧૨–૧૨–૧૧ના રોજ સ્થળ મુલાકાત કરેલ તે પહેલા કયારેય સ્થળ મુલાકાત કરેલ નથી. તે વાત સાબિત થાય છે અને મતબલ કે તા. ૧૨–૧૨–૧૧ ના રોજ સુચના આપવામાં આવેલ તે પણ ૬/૨૧૭૯ વાળી મિલકત આખી નમી ગઈ ત્યારે એટલે રેકર્ડ ન હોય તે વાત ખોટી છે તેવું જણાવેલ. મુદ્દા નં. ૮ થી માહિતી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે કેમ કે જે

અધિકારીએ પોલીસમાં FIR નોંધાવેલ એનો મતલબ કે આ FRI સાચી જ હોય તો જ પોલીસ FIRનોંધે છે તેમ છતાં માહિતીમાં જણાવે છે કે રેકર્ડ નથી તે વાત માનવામાં આવે તેમ નથી. તેવું જણાવેલ. મુદ્દા નં. ૯ થી માંગેલ માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે અધુરી માહિતી પુરી પાડેલ છે કેમ કે સુ.મ.ન.પા. તરફથી જે FIR પોલીસમાં નોંધાવેલ તે ફરીયાદ ખોટી હોય તો તે બાબતની જાણકારી બી.પી.એમ.સી. એકટની કલમની જાણકારી આપેલ નથી ખરેખર ખોટી FIR લખાવવી ગુનો બનતો હોય એટલે કલમની જાણકારી હોવા છતાં આપેલ નથી તેવું જણાવેલ. મુદ્દા નં. ૧૦ થી માહિતી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે કેમ કે ૬/૨૧૭૯ વાળી મિલકત પડી ગયા બાદ અમો રૂબરૂ સુ.મ.ન.પા.ના કમિશ્નરને રૂબરૂ મળેલ જેના અનુસંધાનમાં અમો ઝોનલ દારૂવાલાને રૂબરૂ મુલાકાત કરેલ, ત્યારે જણાવેલ કે ૬/૨૧ ૭૬,અ,બ, ૭૭,૭૮ વાળી મિલકતનો પ્લાન સુ.મ.ન.પા.તરફથી રદ કરવામાં આવેલ છે તેવું અમને જણાવેલ, અમે મુલાકાત એકલા નહિ પરંતુ ઈન્ડિયા અગેન કરપસનના ગૃપ સાથે કરેલ અને પ્લાન રદ કરવાની વાત દારૂવાલા સાહેબે કરેલ તેમ છતાં જાણકારી ખોટી આપેલ. તેવું જણાવેલ. મુદ્દા નં. ૧૧ થી માંગેલ માહિતી તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી ખોટી આપેલ છે કેમ કે ૬/૨૧૭૬,અ,બ,૭૭,૭૮ વાળી મિલકતના માલીકે જે મંજુર કરતા વધારાનું ૫.૫૦ મીટર ભોયરાનું ખોદાણ કરવાના કારણે ૬/૨૧૭૯ વાળી મિલકત આખી નમી ગઈ જેને બચાવવા માટે સુ.મ.ન.પા.એ ભોયરાનું માટીથી પુરાણ કરવામાં આવેલ તોપણ ઝોનલની હાજરીમાજ માટી પુરાણ થયેલ તેમ છતાં રેકર્ડ નથી તેવું ખોટું જણાવેલ છે સુ.મ.ન.પા. તરફથી ૫૦ ટ્રક માટી ભરીને તૈયાર રાખેલ અને વારા ફરતી આખો દિવસ આ ટ્રકો માટી ભરીને લાવતાં હતા અને આ ભોયરાનું પુરાણ કરતા હતા એટલે ઓછામાં ઓછી ૩૦૦ થી ૪૦૦ ટ્રક માટી પુરાણ કરેલ, તેમ છતાં રેકર્ડ નથી તેવું ખોટું જણાવે છે. તેવું જણાવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૧ અંગે નાણાં દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવેલ વિગત કાયદાની કલમ–૭(૩) અને ૭(૬) સાથે સાથે સુસંગત ન હોઈ, અરજદારને સદર નકલ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા તથા મુદ્દા નં. ૨ થી ૪, ૭ તથા ૧૦,૧૧ ની માહિતી ઉપલબ્ધ નથી તેવા પ્રત્યુત્તરના ઉપલક્ષમાં લાગત ફાઈલની તપાસણી દિન–૭માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી– સેન્ટ્રલઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,